# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૯/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ટેકસટાઇલના ઉદ્યોગ સાહસિકો માટે 'ફેબ્રિક આઇડેન્ટીફિકેશન' શોર્ટ ટર્મ ટ્રેનીંગ કોર્સની છઠ્ઠી બેચ શરૂ કરાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કાપડ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો માટે 'ફેબ્રિક આઇડેન્ટીફિકેશન' શોર્ટ ટર્મ ટ્રેનીગ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. સોમવાર, તા. ૯ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ આ કોર્સની છઠ્ઠી બેચ શરૂ કરવામાં આવી છે, જે ૨૧ ઓગષ્ટ ૨૦૨૧ સુધી ચાલશે. આ કોર્સમાં ટેકસટાઇલ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો જોડાયા છે.

ચેમ્બરના જીએફઆરઆરસીના ચેરમેન ગિરધરગોપાલ મુંદડાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા વિવિધ ક્ષેત્રે ઝંપલાવનારા યુવાઓ તેમજ ઉદ્યોગ સાહસિકોને સ્કીલ કરવાના એક પ્રયાસના ભાગરૂપે 'ફેબ્રિક આઇડેન્ટીફિકેશન' શોર્ટ ટર્મ ટ્રેનીગ કોર્સની શરૂઆત કરાઇ છે. ફેશન ડિઝાઇનર્સ, વિવર્સ, ટેકસટાઇલ ટ્રેડર્સ અને બ્રોકર્સ માટે આ કોર્સ ખૂબ જ અગત્યનો છે.

ટેકસટાઇલ ટેકનોક્રેટ કિરણ પંડયાએ કોર્સ વિશે માહિતી આપી ટેકસટાઇલમાં કેવી ફેબ્રિક ચાલે છે અને ચલાવી શકાય છે? તે વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે કહયું હતું કે, આ કોર્સમાં વિવિધ પ્રકારના યાર્ન અને ફેબ્રિકસ વિશે ભણાવવામાં આવે છે. યાર્ન અને ફેબ્રિકસનો ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં કયા પ્રકારે ઉપયોગ કરવામાં આવે છે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવે છે. આ કોર્સ બાદ ઉદ્યોગ સાહસિકો જુદા–જુદા ફેબ્રિકસની તેમજ તેની

ક્વોલિટીની ઓળખ સરળતાથી કરી શકશે. નેચરલ અને સિન્થેટિક ફેબ્રિક્સની વચ્ચેનો તફાવત તેઓ સારી રીતે સમજી શકશે. ફેબ્રિક્સમાં નવી ક્વોલિટી બનાવી શકશે. એપેરલ્સ માટે ફેબ્રિક્સનું પરફેક્ટ કોમ્બીનેશન બનાવી શકશે. આ પ્રોગ્રામમાં ફેશન ડીઝાઈનર્સ, વીવર્સ, ટેક્ષ્ટાઈલ ટ્રેડર્સ અને ટેક્ષ્ટાઈલ બ્રોકર્સ જોડાયા છે.

આ કાર્યક્રમમાં વિવિધ પ્રકારના ફાઈબર્સ, યાર્ન અને ફેબ્રિક્સનું પાયાનું જ્ઞાન આપવામાં આવશે અને સાથે સાથે ક્વોલીટી ઓફ ફેબ્રિકને કેવી રીતે આઇડેન્ટિફાઇ કરવું તે પણ ફેકલ્ટી સેજલ પંડયા દ્વારા શીખવાડવામાં આવશે. સાથે જ વિવિધ પ્રકારના ફાઈબર્સ અને તેની એપ્લીકેશન્સ, વિવિધ પ્રકારના યાર્ન, તેની પ્રોપર્ટીઝ અને તેની એપ્લીકેશન્સ, અનેક પ્રકારના ફેબ્રિક્સ અને તેની એપ્લીકેશન્સ, ફાઈબર આઇડેન્ટિફીકેશન, કન્સ્ટ્રકશન ઓફ ફેબ્રિક વિષય પર જ્ઞાન આપવામાં આવશે.

ચેમ્બરના ભૂતપૂર્વ માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમનું સંચાલન કર્યુંહતું. જ્યારે ટેકસટાઇલ જર્નાલિસ્ટ અમરિષ ભટ્ટે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. હજુ પણ જેમણે બપોરે ૨ થી સાંજે ૪ના બેચમાં ભાગ લેવો હોય તેઓ તાત્કાલિક ચેમ્બર ઓફ કોમર્સના ટેલિફોન નં. ૨૨૯૧૧૧૧ ઉપર સંપર્ક કરી શકે છે.